# CSSC-GS-II-PKL-2020

પ્રશ્નપુસ્તિકા નંબર
QUESTION BOOKLET NO.
**1011949**
SEAL SEAL SEAL SEAL
A | GS : PAPER-2

| TOTAL MARKS : 100 |
|---|
| TIME ALLOWED : 90 MINUTES |

**SERIES**
**A**

| ઉમેદવારનો બેઠક નંબર | ઉમેદવારની સહી | ખંડ નિરીક્ષકની સહી |
|---|---|---|
| | | |

**Do not open this booklet until you are asked to do so.**
તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY
(નીચેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો)

1. Please write **Roll No., Question Booklet Number, Question Booklet Series, Paper Number, Category and PH (Yes/No)** on answer sheet (OMR Sheet) without fail.
(તમારો બેઠક નંબર, પ્રશ્નપત્ર બુકલેટ નંબર, પ્રશ્નપત્ર બુકલેટ સીરીઝ, પ્રશ્નપત્ર નંબર, કેટેગરી અને દિવ્યાંગ (હા/ના) જવાબવહી પર કોઈપણ જાતની ભુલ વગર લખો.)
2. Each question carries 2 marks. Wrong answer or more than one answer in one question will carry **33% (1/3 Marks) negative marking.**
(દરેક પ્રશ્નના 2 ગુણ છે. ખોટા જવાબ અથવા એક કરતા વધુ જવાબ માટે 33% ગુણ (1/3 ગુણ) નકારાત્મક ગુણ ધરાવે છે.)
3. You have to mark (●) the right alternative (**A** or **B** or **C** or **D**) for each question in the answer sheet with **Blue / Black ballpoint pen only.**
(તમારે જવાબવહીમાં દરેક પ્રશ્ન માટેનો યોગ્ય વિકલ્પ (**A** અથવા **B** અથવા **C** અથવા **D**) પસંદ કરી કાળી / વાદળી બોલપોઈન્ટ પેન વડે ચિહ્નીત (●) કરવું.
4. Rough work, if any; be done on the last blank page of Question Paper.
(કોઈપણ જાતનું રફ કાર્ય પ્રશ્નપત્રના અંતિમ કોરા પેજ પર જ કરવાનું રહેશે.)
5. **In case of confusion in Gujarati Question, rely on English Question. English text will be final.**
(જો ગુજરાતી પ્રશ્નોમાં દ્વિધા હોય તો અંગ્રેજી પ્રશ્ન પરનો સંદર્ભ લઈ તેના પર આધાર રાખવો. અંગ્રેજી ભાષા અર્થઘટન માટે આખરી ગણાશે.)
6. **Marks scored by candidate in Paper-II will be counted for merit list.**
(પેપર-2માં ઉમેદવારે મેળવેલ ગુણ મેરીટ લીસ્ટમાં ગણવામાં આવશે.)

# SPACE FOR ROUGH WORK

- **Read the following passage carefully and answer the questions given below:**

To eat and not be eaten -that's the imperative of a caterpillar's existence. The leaf roller reduces its risks of being picked off by predators by silking together a temporary shelter in which to feed and rest. Adopting a different line of defense, the jelly slug extrudes a sticky translucent coating that may foul the taste-buds of marauding ants. For its part, the aquatic-larva fashions a portable hideout from fragments of aquatic leaves. Cutting a serpentine trail as it feeds on tender young leaves, the minute citrus leaf miner spends its entire larval life inside its host plant, thus keeping its appetizing body safe.

- **નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

ખાવું અને પોતે ન ખવાઇ જવું - તે એક ઇયળ ના અસ્તિત્વ માટે એક અનિવાર્ય બાબત છે. લીફ રોલર, જેમાં ખાવા અને આરામ થઈ શકે તેવું રેશમ જેવા તાંતણા વાળું એક અસ્થાયી આશ્રયસ્થાન બનાવે છે જેના દ્વારા શિકારીઓ દ્વારા તેનો શિકાર થઈ જવાનું જોખમ ઘટાડે છે. સંરક્ષણની એક જુદી રાહ અપનાવી, જેલી-સ્લગ એક ચીકણો અર્ધપારદર્શક પદાર્થ બહાર કાઢે છે જે લુંટેરી કીડીના મોંઢાનો સ્વાદ ખરાબ કરી શકે છે. જળચર-લાર્વા જળચર પાંદડાઓના ટુકડાઓથી હરતું-ફરતું છુપું આશ્રયસ્થાન બનાવે છે. એક બારીક સાઇટ્રસ લીફ માઇનર (એક જાતના કીટકની ઇયળ) જે કોમળ તાજા પાંદડાઓમાંથી ખોરાક મેળવે છે અને તેમ કરતી વેળા સર્પાકાર લિસોટા બનાવે છે, તેની સમગ્ર ઇયળ અવસ્થા તેના યજમાન છોડ ની અંદર વિતાવે છે, આમ તે તેના ભૂખ્યા શરીરને સુરક્ષિત રાખે છે.

1. Which species of caterpillars 'build' shelters to protect themselves?

(A) Leaf roller and jelly slug
(B) Leaf roller and aquatic larva
(C) Jelly slug and aquatic larva
(D) Jelly slug and citrus leaf miner

કેટરપિલરની કઈ પ્રજાતિ પોતાને બચાવવા આશ્રયસ્થાનો બનાવે છે?

(A) લીફ રોલર અને જેલી સ્લગ
(B) લીફ રોલર અને જળચર-લાર્વા
(C) જેલી સ્લગ અને જળચર-લાર્વા
(D) જેલી સ્લગ અને સાઇટ્રસ લીફ માઇનર

2. Which one of the following species of caterpillar makes itself unpalatable to its predators?

1) Leaf roller 2) Jelly slug 3) Leaf miner

**Answer Choices:**

(A) Only 1 and 2
(B) Only 2
(C) Only 1 and 3
(D) All three

નીચેનામાંની ઈયળની કઈ એક પ્રજાતિ પોતાને તેના શિકારી માટે અખાદ્ય બનાવે છે?

1) લીફ રોલર 2) જેલી સ્લગ 3) લીફ માઇનર

**જવાબ વિકલ્પો:**

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) ત્રણેય

3. _______ caterpillar makes a serpentine trail while feeding.

(A) Leaf roller
(B) Jelly slug
(C) Leaf miner
(D) Leaf slug

_______ ઇયળ ખાતી વખતે સર્પાકાર લિસોટા બનાવે છે.

(A) લીફ રોલર
(B) જેલી સ્લગ
(C) લીફ માઇનર
(D) લીફ સ્લગ

- **Read the following passage carefully and answer the questions given below:**

In many cases unnecessary timidity makes the trouble worse than it needs to be. Public opinion is always more tyrannical towards those who obviously fear it than towards those who feel indifferent to it. A dog will bark more loudly and bite more easily when people are afraid of it than when they treat him with contempt and the human herd has something of this same characteristic. If you show that you are afraid of them, you give promise of good hunting, whereas if you show indifference, they begin to doubt their own power and therefore, tend to let you alone.

- નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:

ઘણા કિસ્સાઓમાં બિનજરૂરી ડરપોકપણું મુશ્કેલીઓને જે હોવી જોઈએ તેના કરતાં વધારે ખરાબ બનાવે છે. લોકોના અભિપ્રાયો જે લોકો (અભિપ્રાયો)થી બેપરવા છે તેના કરતા (અભિપ્રાયોથી) ડરનારાઓ પ્રત્યે હંમેશાં વધુ જુલમી હોય છે. લોકો જ્યારે કૂતરાને તિરસ્કૃત કરે છે તેના કરતાં જ્યારે લોકો તેનાથી ડરે છે ત્યારે કૂતરો વધુ જોરથી ભસશે અને વધુ સરળતાથી કરડશે અને માનવ સમુદાય પાસે આ લાક્ષણિકતા જેવું જ કંઈક છે. જો તમે બતાવો છો કે તમે તેમનાથી ડરો છો, તો તમે તેઓના આસાન શિકાર બનવાનું નક્કી કરી આપો છો, જ્યારે કે જો તમે ઉદાસીનતા બતાવો છો, તો તેઓ પોતાની શક્તિ પર શંકા કરવાનું શરૂ કરે છે અને તેના પરિણામ સ્વરૂપ, તમને એકલા છોડી દેવાનું વલણ અપનાવે છે.

4. If we are afraid of public opinion, the attitude of the people towards us is ______.

1) Sympathetic 2) Indifferent 3) Admiring 4) Ruthless

**Answer Choices:**

(A) only 1 and 3 (B) only 2 and 4

(C) only 1, 2 and 3 (D) only 4

જો આપણે લોકોના અભિપ્રાયથી ડરતા હોઈએ તો, લોકોનું આપણા પ્રત્યેનું વલણ ______ છે.

1) સહાનુભૂતિશીલ 2) ઉદાસીન 3) પ્રશંસા કરનાર 4) નિર્દયી

જવાબ વિકલ્પો:

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 4

5. In the passage, barking dog's example is given in the context of ______.

(A) Barking dogs seldom bite.

(B) We should not be afraid of dogs.

(C) If we are afraid of our critiques, they will try to scare us more.

(D) We should appreciate the faithfulness of a dog to his master.

ફકરામાં, ભસતા કૂતરાનું ઉદાહરણ ______ ના સંદર્ભમાં આપવામાં આવ્યું છે.

(A) ભસતા કુતરા ભાગ્યે જ કરડે.

(B) આપણે કૂતરાઓથી ડરવું જોઈએ નહી.

(C) જો આપણે આપણા આલોચકોથી ડરતા હોઈએ તો, તેઓ આપણને વધુ ડરાવવાનો પ્રયત્ન કરશે.

(D) આપણે કૂતરાની તેના માલિક પ્રત્યેની વફાદારીની પ્રશંસા કરવી જોઈએ.

- **Read the following passage carefully and answer the questions given below:**

Respect is always a two – way street. No matter how powerful you are, no matter what your experience, skills, and accomplishments, you will not be respected by others if you consistently treat them, disrespectfully. Friendliness that is, treating others politely and showing respect to them – is a way of showing your respect for other people, and in return, they respect you. If as a manager you are respected, your orders will be accepted as a sincere attempt to resolve problems rather than a mean – spirited attempt to cause problems.

As important as friendliness is, but don't assume that friendliness will replace or correct poor management. I have seen effective managers who didn't use this friendliness element but could have been mroe effective if they did use it. I have seen very friendly managers who were ineffective because they were not doing effective management things. In other words, managers who intervene effectively in a friendly way are always more effective than managers who intervene effectively in a non – friendly way. Maintaining a friendly relationship is another part of maintaining work performance. It also helps you avoid having people try to hurt you because they don't like you. It might save your life.

- **નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

આદર હંમેશાં એક દ્વિ-માર્ગી રસ્તો છે. એ જરૂરી નથી કે તમે કેટલા શક્તિશાળી છો, પછી ભલે તમારો અનુભવ, કુશળતા અને સિદ્ધિઓ ગમે તે હોય, જો તમે અન્ય લોકોનો સતત અનાદર કરશો, તો તમે તેમના દ્વારા સન્માનિત નહિ થાઓ. મૈત્રીપૂર્ણ વ્યવહાર એ છે કે, અન્ય સાથે નમ્રતાથી વર્તો અને તેમનામાં આદર બતાવો - એ અન્ય લોકો પ્રત્યે તમારું માન દર્શાવવાનો એક માર્ગ છે અને બદલામાં, તેઓ તમને માન આપે છે. જો મેનેજર તરીકે તમારું સન્માન કરવામાં આવે તો, તમારા આદેશને સમસ્યાઓ ઉભી કરવાની બદ-દાનતવાળા પ્રયાસને બદલે સમસ્યાના ઉકેલ લાવવાના પ્રામાણિક પ્રયાસ તરીકે સ્વીકારવામાં આવશે.

મૈત્રીપૂર્ણ વ્યવહાર એટલો જ મહત્વપૂર્ણ છે, પરંતુ માની લેશો નહી કે મૈત્રીપૂર્ણ વ્યવહાર નબળા સંચાલનને બદલશે અથવા સુધારશે. મેં અસરકારક મેનેજરો જોયા છે જેમણે આ મૈત્રીપૂર્ણ વ્યવહાર તત્વનો ઉપયોગ નથી કર્યો, પરંતુ જો તેઓ તેનો ઉપયોગ કરતા તો વધુ અસરકારક થઈ શક્યા હોત. મેં ખૂબ મૈત્રીપૂર્ણ મેનેજરો જોયા છે કે જેઓ બિનઅસરકારક હતા કારણ કે તેઓ અસરકારક સંચાલન કાર્યો કરતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો, મેનેજરો જે બિન-મૈત્રીપૂર્ણ રીતે અસરકારક રીતે મધ્યસ્થી કરે છે તેમના કરતાં મેનેજરો જે મૈત્રીપૂર્ણ રીતે અસરકારક રીતે મધ્યસ્થી કરે છે તે હંમેશા વધુ અસરકારક હોય છે. મૈત્રીપૂર્ણ સંબંધ જાળવવો એ પ્રભાવકારક કામગીરી જાળવવાનો એક અન્ય ભાગ છે. આ (મૈત્રીપૂર્ણ સંબંધ) તમને એવા લોકોથી બચવામાં મદદ કરે છે, જે લોકો તમને પસંદ કરતાં નથી, અને તમને દુ:ખ પહોંચાડવાનો પ્રયત્ન કરી શકે છે. આ તમારા જીવનને બચાવી શકે છે.

6. Author will agree with following statement(s):

1) Respect depends on the experience of the leadership.

2) Respect depends on the skills of the leadership.

3) Respect depends on the academic achievements of the leader.

4) Respect comes from treating others with respect.

**Answer Choices:**

(A) only 1 and 3 (B) only 2 and 4

(C) only 1, 2 and 3 (D) only 4

લેખક નીચેના નિવેદન/નો સાથે સંમત થશે:

1) આદર એ નેતૃત્વના અનુભવ પર આધારિત છે.

2) આદર એ નેતૃત્વની કુશળતા પર આધારિત છે.

3) આદર નેતાની શૈક્ષણિક સિદ્ધિઓ પર આધારિત છે.

4) આદર અન્ય લોકો સાથે આદર સાથે વર્તવાથી આવે છે.

જવાબ વિકલ્પો:

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 4

7. Author will disagree with following statement(s):

1) Friendliness makes the management effective.

2) Friendliness can fix weak management.

**Answer Choices:**

(A) Only 1

(B) Only 2

(C) Both 1 and 2

(D) Neither 1 nor 2

લેખક નીચેના નિવેદન/નો સાથે અસંમત રહેશે:

1) મૈત્રીપૂર્ણ વ્યવહાર સંચાલનને અસરકારક બનાવે છે.

2) મૈત્રીપૂર્ણ વ્યવહાર નબળા સંચાલનને સુધારી શકે છે.

જવાબ વિકલ્પો:

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) બંને 1 અને 2

(D) 1 અથવા 2 પૈકી એકેય નહી

- **Read the passage carefully and answer the questions given below:**

Today, in the digital age, the one who owns information owns the future. In this digital world, we face a fundamental choice between open and closed. In an open world information is shared by all freely available to everyone. In a closed world information is exclusively owned by a few people. Today, we live in a closed world with growing concentrations of power and wealth in the hands of a few people. A world where innovation is held back by the monopoly; where essential medicines are affordable only to the rich, where freedom is threatened by manipulation; and each mouse-click you make, every step you take, they will be watching you. By contrast, in an open world all of us would have the freedom to build on everything from statistics and research to newspaper stories, books, software, films, music and medical formulae. In an open world, we would pay innovators more and more fairly, using market-driven remuneration rights in place of intellectual property monopoly rights. Today, digital technologies have taken on ever more of the tasks that humans used to do, from manufacturing cars to scheduling appointments. And in the next few decades, artificial intelligence may be not only driving our cars for us but drafting legal contracts and performing surgery. On the face of it, we have much to gain from it. Machines can spare us tedious or routine tasks and perform them with greater accuracy. The danger, though, is that robots run on information-software, data algorithms. At present the ownership of this sort of information is unequal.

- **નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

આજે, ડિજિટલ યુગમાં, જે માહિતીની માલિકી ધરાવે છે, તે ભવિષ્ય ઉપર માલિકી ધરાવે છે. આ ડિજિટલ વિશ્વમાં, આપણે ખુલ્લા અને બંધ (વિશ્વ) વચ્ચે મૂળભૂત પસંદગીનો સામનો કરીએ છીએ. એક ખુલ્લા વિશ્વમાં માહિતી તમામ દ્વારા દરેકને મફતમાં ઉપલબ્ધ કરવામાં આવે છે. એક બંધ વિશ્વમાં માહિતી ઉપર ફક્ત કેટલાક લોકોની માલિકીની છે. આજે આપણે એવા બંધ વિશ્વમાં જીવીએ છીએ જ્યાં શક્તિ અને સંપત્તિ થોડાક લોકોના હાથમાં તીવ્ર રીતે વધી રહે છે. એક એવી દુનિયા જ્યાં નવીનતાને એકાધિકાર દ્વારા પાછળ રાખવામાં આવે છે; જ્યાં આવશ્યક દવાઓ ફક્ત અમીરોને પોસાય છે, જ્યાં કુશળ ઘાલમેલ ને લીધે સ્વતંત્રતા ખતરામાં છે; અને તમારી દરેક માઉસ-ક્લિકમાં, તમારા દરેક પગલામાં, તેઓ તમને ચોકસાઈથી જોઈ રહ્યા છે. તેનાથી વિપરિત, એક ખુલ્લી દુનિયામાં, આપણને બધાને આંકડા અને સંશોધનથી માંડીને અખબારની વાર્તાઓ, પુસ્તકો, સોફ્ટવેર, ચલચિત્રો, સંગીત અને તબીબી સિદ્ધાંતો સુધીની દરેક બાબતનું નિર્માણ કરવાની સ્વતંત્રતા હશે. ખુલ્લી દુનિયામાં, આપણે બૌદ્ધિક સંપત્તિના ઈજારા અધિકારના સ્થાને બજાર સંચાલિત મહેનતાણાના અધિકારનો ઉપયોગ કરીને નવીનકર્તાઓને વધુને વધુ ઉચિત પ્રમાણમાં ચૂકવણી કરીશું. આજે, ડિજિટલ તકનીકોએ કારના નિર્માણથી લઈને મુલાકાતો ગોઠવવી સુધીના મનુષ્યો જેટલા કાર્યો કરતા હતા તેનાથી વધુ કાર્ય હાથ ધર્યા છે. અને આવતા કેટલાક દાયકાઓમાં, કૃત્રિમ બુદ્ધિમત્તા ફક્ત આપણા માટે આપણી કાર જ ચલાવશે નહી પણ કાનૂની કરારનો મુસદ્દો પણ તૈયાર કરશે અને શસ્ત્રક્રિયા કરશે. પ્રથમ દ્રષ્ટિએ, આપણે આ બધામાં ઘણો લાભ છે. મશીનો આપણને કંટાળાજનક અથવા રોજીંદા કાર્યોથી બચાવી શકે છે અને તેમને વધારે ચોકસાઈથી કરી શકે છે. તેમ છતાં, ભય એ છે કે, રોબોટ્સ માહિતી-સોફ્ટવેર, ડેટા એલ્ગોરિધમ્સ પર ચાલે છે. હાલમાં આ પ્રકારની માહિતીની માલિકી અસમાન છે.

8. What is/are the characteristic(s) of a closed world?

1) Concentration of power and wealth increases.

2) Innovation is controlled.

3) Freedom is manipulated.

4) Creativity is recognized.

**Answer Choices:**

(A) only 1 and 3

(B) only 2 and 4

(C) only 1, 2 and 3

(D) only 4

એક બંધ વિશ્વની લાક્ષણિકતા(ઓ) કઈ કઈ છે?

1) સત્તા અને સંપત્તિનું સંકેન્દ્રણ વધે છે.

2) નવાચારને નિયંત્રિત કરવામાં આવે છે.

3) સ્વતંત્રતામાં ઘાલમેલ થાય છે.

4) સર્જનાત્મકતાને સ્વીકૃતિ મળે છે.

જવાબ વિકલ્પો:

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) ફક્ત 4

9. What is the central massage(s) of this passage?

(A) Digital technology is dangerous.

(B) Artificial intelligence can perform tasks in a better manner than humans.

(C) Monopoly of digital technology is the antithesis to development of the society.

(D) All of the above

આ ફકરા ના મધ્યવર્તી સંદેશ/સંદેશાઓ શું છે?

(A) ડિજિટલ ટેક્નોલોજી જોખમી છે.

(B) કૃત્રિમ બુદ્ધિમત્તા માણસો કરતા વધુ સારી રીતે કાર્યો કરી શકે છે.

(C) ડિજિટલ ટેક્નોલોજીનો એકાધિકાર એ સમાજના વિકાસનો વિરોધી છે.

(D) ઉપરોક્ત તમામ

- **Read the following passage carefully and answer the questions given below:**

Michael Angelo is famous for having successfully interpreted the human body. It is assumed that the time he lived was ripe for exchange of knowledge and development in science. In painting and sculpture artists focussed on minute details. Michael Angelo's paintings are no exception to it. In a study published in the journal of the Royal Society of Medicine, a group of surgeons are of the opinion that the great master was "afflicted by an illness involving his joints'. They have studied the paintings and sculptures made by Michael Angelo as evidence to argue their view. They believe his hands suffered from not just arthritis, but from the stress of hammering and chiselling. They also could not find any letters written by Michael Angelo, further proving their assumption about his hands.

- **નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

માઈકલ એન્જેલો માનવ શરીરનું સફળતાપૂર્વક અર્થઘટન કરવા માટે પ્રખ્યાત છે. એવું માનવામાં આવે છે કે તે એવા યુગમાં જીવ્યો હતો જ્યારે વિજ્ઞાનમાં જ્ઞાન અને વિકાસના વિનિમય માટે સમય યોગ્ય હતો. રંગચિત્ર અને શિલ્પકલામાં કલાકારો બારીક વિગતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માઈકલ એન્જેલોના રંગચિત્રો તેમાં અપવાદ નથી. રોયલ સોસાયટી ઓફ મેડિસિનની જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં, શલ્યચિકિત્સકોના એક જૂથનો અભિપ્રાય છે કે આ મહાન નિપુણ વ્યક્તિ "સાંધાને લગતી બિમારીથી પીડિત હતા". તેઓએ આ અભિપ્રાય અંગે દલીલ કરવા માટે પુરાવા તરીકે માઈકલ એન્જેલો દ્વારા બનાવેલા રંગચિત્રો અને શિલ્પોનો અભ્યાસ કર્યો છે. તેઓ માને છે કે તેના હાથ ફક્ત સંધિવાથી જ નહી, પરંતુ હથોડી મારવાના અને છીણીના ટંકારવના તણાવથી પીડાતા હતા. ઉપરાંત, તેઓને માઈકલ એન્જેલો દ્વારા લખાયેલા કોઈ પત્રો પણ મળી શક્યા નહી તેનાથી તેના હાથ વિશેની તેમની ધારણાની સાબિતી મળી.

10. As per the passage, the modern researchers have studied the ailments of Michael Angelo using ______.

1) Carbon dating of his bones. 2) Analysing his handwriting.

**Answer Choices:**

(A) Only 1 (B) Only 2

(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

ફકરા મુજબ, આધુનિક સંશોધનકારોએ ______ નો ઉપયોગ કરીને માઈકલ એન્જેલોની બીમારીઓનો અભ્યાસ કર્યો છે.

1) તેના હાડકાંના કાર્બન ડેટિંગ. 2) તેના હસ્તાક્ષરનું વિશ્લેષણ.

**જવાબ વિકલ્પો:**

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) બંને 1 અને 2 (D) 1 અથવા 2 પૈકી એકેય નહી

11. Which of the following fact(s) is/are not given in the above passage?

1. Vatican City's Sistine Chapel has paintings created by Michael Angelo.

2. Royal Society of Medicine is located in Rome.

**Answer Choices:**

(A) Only 1 (B) Only 2

(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

નીચેનામાંથી કયા તથ્ય/થ્યો ઉક્ત ફકરામાં આપવામાં આવેલા નથી?

1. વેટિકન સિટીની સિસ્ટાઇન ચેપલમાં માઈકલ એન્જેલોના બનાવેલ ચિત્રો છે.

2. રોયલ સોસાયટી ઓફ મેડિસિન રોમમાં સ્થિત છે.

જવાબ વિકલ્પો:

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) બંને 1 અને 2 (D) 1 અથવા 2 પૈકી એકેય નહી

- **Read the passage carefully and answer the questions given below:**

First we must understand the business of narcotics using Michael Porter's Five Forces. His framework explains the drivers of a business enviornment by the five forces- These are: The power of the buyer and the supplier, the intensity of rivalry amongst market players, the barriers of entry into the business, and availability of substitutes for the product.

'Power of the buyer' refers to the ability of the buyer to avoid purchasing the product. Drugs, like heroin, can be addictive with just a single dose. This is why drug smugglers give "free samples" to youth. Once a victim is hooked, his mind stops every from of rational thinking other than the next doze.

Discussions on drugs should also be concerned with the vast majority of people who are not addicts. Their homes and lives are insecure. The drug addict is almost never dangerous when he's under influence of drugs. What makes him dangerous is the desperate need for money to buy the next dose. Drugs are available only in an illegal black market. The costs are exorbitant and this is what drives the addicts to steal, rob and even kill.

- **નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

સૌપ્રથમ આપણે માઈકલ પોર્ટરના 'પાંચ-શક્તિઓ' માળખાનો ઉપયોગ કરીને માદક દ્રવ્યોના વ્યવસાયને સમજવો જોઈએ. તેનું માળખું, વ્યવસાય વાતાવરણના ચાલકોને પાંચ અલગ અલગ શક્તિઓ દ્વારા સમજાવે છે. આ છે: ગ્રાહક અને આપૂર્તિ કરનારની શક્તિ, બજારના ખેલાડીઓમાં હરીફાઈની તીવ્રતા, વ્યવસાયમાં પ્રવેશના અવરોધો અને માલના વિકલ્પ/અવેજીની ઉપલબ્ધતા.

'ગ્રાહકની શક્તિ' એ માલની ખરીદીને ટાળવા માટે ગ્રાહકની ક્ષમતા સૂચવે છે. હેરોઈન જેવી દવાઓ, જે માત્ર એક વખતના સેવન થી પણ વ્યસનકારક બની શકે છે. આથી જ નશીલી દવાઓના તસ્કરો યુવાનોને "મફત નમૂનાઓ" આપે છે. એકવાર ભોગ બન્યા પછી, તે ભોગ બનનારનું મગજ બીજા વારના ડોઝ સિવાયની કોઈપણ તર્કસંગત વાત વિચારવાનું બંધ કરી દે છે.

નશીલી દવાઓ અંગેની ચર્ચાઓ વ્યસની ન હોય તેવા વિશાળ બહુમતી લોકો સાથે પણ નિસ્બત ધરાવવી જોઈએ. તેમના ઘરો અને જીવન અસુરક્ષિત છે. નશાનો બંધાણી જ્યારે નશીલી દવાઓના પ્રભાવ હેઠળ હોય ત્યારે તે લગભગ ક્યારેય ખતરનાક નથી હોતો. જે વસ્તુ તેને ખતરનાક બનાવે છે તે એ છે કે આગામી ડોઝ ખરીદવા માટે પૈસાની નાઈલાજ જરૂરત. નશીલી દવાઓ ફક્ત ગેરકાયદેસર કાળા બજારમાં ઉપલબ્ધ છે. તેમની કિંમતો ઘણી વધારે હોય છે, અને એ વ્યસનીઓને ચોરી, લૂંટ અને ખૂન કરવા તરફ દોરે છે.

12. As per the passage, the smugglers give free samples of narcotic drugs to the youth because ______.

(A) There is intense rivalry amongst smugglers.

(B) They don't want other sellers to enter their business.

(C) They want to reduce the decision making power of the buyer.

(D) They want youth to engage in robbery and crime.

ફકરામાં જણાવ્યા મુજબ તસ્કરો યુવકોને માદક દ્રવ્યોના મફત નમૂનાઓ આપે છે કારણ કે ______.

(A) તસ્કરોમાં તીવ્ર હરીફાઈ છે.

(B) તેઓ ઈચ્છતા નથી કે અન્ય વેચાણકર્તાઓ તેમના વ્યવસાયમાં પ્રવેશ કરે.

(C) તેઓ ગ્રાહકની નિર્ણય લેવાની શક્તિ ઘટાડવા માંગે છે.

(D) તેઓ યુવાનોને લૂંટ અને ગુનામાં સામેલ કરવા માગે છે.

13. As per the passage, addicts take to criminal acts because _______.

(A) Law is powerless against them.

(B) They come under the influence of bad friends.

(C) They need large sums of money to buy drugs.

(D) Drugs make them lose self-control.

ફકરમાં જણાવ્યા મુજબ, નશાખોરો ગુનાહિતપ્રવૃતિઓ આચરતા હોય છે કારણકે _______ .

(A) કાયદો આવા તત્વો સામે લાચાર હોય છે.

(B) તેઓ ખરાબ લોકોની સોબતમાં આવી જતા હોય છે.

(C) નશીલી દવાઓ ખરીદવા તેઓને મોટી રકમની આવશ્યકતા હોય છે.

(D) નશાની અસર હેઠળ તેઓ સ્વનિયંત્રણ ગુમાવી બેસે છે.

- **Read the passage carefully and answer the questions given below:**

Not all agricultural societies become civilizations, but no civilization can become a civilization without passing through the stage of agriculture. This is because at some stage in the development of agriculture, as productivity improves. Then a significant number of people could be freed up to pursue other activities such as building monuments, tools, and jewellery; organizing long-distance trade; coming up with new inventions; keeping accounts; and perhaps constructing new public infrastructure such as irrigation canals that further improve the productivity of agriculture. This helps more people to do new things.

- **નિમ્ન ફકરો કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

બધા જ કૃષિ-સમાજ જનસંસ્કૃતિ બન્યા નથી, પરંતુ કોઈ પણ જનસંસ્કૃતિ કૃષિના તબક્કામાંથી પસાર થયા વિના જનસંસ્કૃતિ બની શકતી નથી. કારણ કે કૃષિ-વિકાસના અમુક તબક્કે, ઉત્પાદકતામાં સુધારો થાય છે. તે પછી સ્મારકો, ઓજારો અને ઝવેરાત બનાવવા; લાંબા અંતરના વેપારનું આયોજન; નવી શોધખોળો કરવા; હિસાબ રાખવા; અને કદાચ સિંચાઇ નહેરો જેવા નવા જાહેર માળખાં બાંધવા કે જે કૃષિની ઉત્પાદકતામાં વધુ સુધારો કરે તેવી અન્ય પ્રવૃત્તિઓ કરવા માટે નોંધપાત્ર સંખ્યામાં લોકોને મુક્ત કરી શકાય. આ વધુ લોકોને નવીન કાર્યો કરવામાં મદદ કરે છે.

14. Which one of the following statements is true as per the passage?

(A) Not all civilizations have undergone the processes of agriculture.

(B) Agriculture can give birth to new civilizations.

(C) Communities need to abandon agriculture to become civilizations.

(D) Agriculture can't be practiced without irrigation canals.

ફકરા પ્રમાણે નીચેના વિધાનો પૈકીનું કયું એક (વિધાન) સાચું છે?

(A) બધી જનસંસ્કૃતિઓ કૃષિ પ્રક્રિયાઓમાંથી પસાર થઈ નથી.

(B) કૃષિ નવી જનસંસ્કૃતિઓને જન્મ આપી શકે છે.

(C) જનસંસ્કૃતિઓ બનવા સમુદાયોએ કૃષિ છોડવાની જરૂર છે.

(D) સિંચાઇ નહેરો વિના ખેતી કરી શકાતી નથી.

15. According to the author, in a mature civilization a significant number of people are sent to carry out non-agriculture work because _______.

1) There are insufficient buyers for agricultural products.

2) There is sufficient agricultural production.

3) Soldiers are required to defend a civilization.

**Answer Choices:**

(A) Only 1 and 2

(B) Only 2

(C) Only 1 and 3

(D) All three statements

લેખકના મતે, એક પરિપક્વ જનસંસ્કૃતિમાં નોંધપાત્ર સંખ્યામાં લોકોને બિન-કૃષિ કાર્ય કરવા મોકલવામાં આવે છે કારણ કે _______.

1) કૃષિ ઉત્પાદનો માટે અપૂરતા ગ્રાહકો હોય છે.

2) ત્યાં પૂરતું કૃષિ ઉત્પાદન છે.

3) જનસંસ્કૃતિનું રક્ષણ કરવા માટે સૈનિકોની જરૂર પડે છે.

**જવાબ વિકલ્પો:**

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) ત્રણેય નિવેદનો

- **Directions for Q. No. 16-19 : Observe the following table carefully and answer the questions given below:**
- **સૂચના પ્રશ્ન 16-19 : નીચે આપેલા કોષ્ટકનું કાળજીપૂર્વક અવલોકન કરો, અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

| Year | Total vehicles (Lakhs) | Two wheelers (Lakh) | Cars (Lakh) | Buses (Lakhs) | Truck (Lakhs) | Other (Lakhs) | Population (India) (Millions) |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | કુલ વાહનો (લાખ) | બે પૈડાંવાળા (લાખ) | કાર (લાખ) | બસ (લાખ) | ટ્રક (લાખ) | અન્ય વાહનો (લાખ) | ભારતની વસ્તી (મિલિયન) |
| 1961 | 6.65 | 0.88 | 3.1 | 0.57 | 1.68 | 0.42 | 439.23 |
| 1971 | 18.65 | 5.76 | 6.82 | 0.94 | 3.43 | 1.72 | 548.15 |
| 1981 | 53.91 | 26.18 | 11.60 | 1.62 | 5.54 | 8.97 | 683.32 |
| 1991 | 213.74 | 142.00 | 29.54 | 3.31 | 13.56 | 25.33 | 846.42 |
| 2001 | 549.91 | 385.56 | 70.58 | 6.34 | 29.48 | 57.95 | 1028.73 |
| 2011 | 1417.58 | 1018.65 | 191.23 | 16.04 | 70.64 | 121.02 | 1210.19 |

Questions based on above dataset:

ઉપરોક્ત કોષ્ટક આધારિત પ્રશ્નો:

16. What was the approximate per capita ownership of two wheelers in India in the year 2011?

(A) 0.84% (B) 0.084%

(C) 0.0084% (D) 0.068%

વર્ષ 2011 માં ભારતમાં દ્વિચકી વાહનોની માથાદીઠ માલિકી આશરે કેટલી હતી?

(A) 0.84% (B) 0.084%

(C) 0.0084% (D) 0.068%

17. The maximum decadal growth (in percentage %) in the population of India is registered in the period ______.

(A) 1961 – 1971 (B) 1981 – 1991

(C) 1991 – 2001 (D) 2001 – 2011

______ સમયગાળામાં ભારતની વસ્તીમાં મહત્તમ દશકીય વૃદ્ધિ (ટકાવારી ની રીતે%) નોંધાયેલ છે.

(A) 1961 - 1971 (B) 1981 - 1991

(C) 1991 - 2001 (D) 2001 - 2011

18. In which year the decadal growth (%) in the number of cars surpassed that of the two wheelers?

(A) 1981 (B) 1991

(C) 2001 (D) 2011

કયા વર્ષમાં કારની સંખ્યામાં દશકીય વૃદ્ધિ (ટકાવારી ની રીતે%) દ્વિચકી વાહનો કરતા વધારે હતી?

(A) 1981 (B) 1991

(C) 2001 (D) 2011

19. The sum of buses and trucks, as a percentage of total vehicles was less than 7% in the following year(s) ______.

1) 1981 2) 1991 3) 2001 4) 2011

**Answer Choices:**

(A) only 1 and 3 (B) only 3 and 4

(C) only 1, 2 and 3 (D) only 4

બસો અને ટ્રકોનો સરવાળો, કુલ વાહનોની ટકાવારી તરીકે, ______ વર્ષ(ર્ષો) માં 7% કરતા ઓછો હતો.

1) 1981 2) 1991 3) 2001 4) 2011

જવાબ વિકલ્પો:

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 4

- **Directions for Q. No. 20-22 : Read the following information carefully and answer the questions given below:**

An international conference is attended by 65 people. They all speak at least one of English, French and German languages. Suppose 15 speak English and French only, 13 speak English and German only, 12 speak French and German only. 5 speak all the three languages. A total of 30 people can speak German and 30 can speak French.

- સૂચના પ્રશ્ન 20-22 : નીચે આપેલ માહિતી કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:

આંતરરાષ્ટ્રીય સંમેલનમાં 65 લોકો ઉપસ્થિત રહે છે. તે બધા અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન ભાષાઓમાંથી ઓછામાં ઓછી એક ભાષા બોલે છે. માની લો કે 15 લોકો ફક્ત અંગ્રેજી અને ફ્રેંચ જ બોલે છે, 13 લોકો ફક્ત અંગ્રેજી અને જર્મન બોલે છે, 12 લોકો ફક્ત ફ્રેંચ અને જર્મન જ બોલે છે. 5 લોકો ત્રણેય ભાષાઓ બોલે છે. કુલ 30 લોકો જર્મન અને કુલ 30 લોકો ફ્રેન્ચ બોલી શકે છે.

20. What is the number of people who can speak only English?

(A) 17 (B) 20

(C) 22 (D) data insufficient

કેટલા લોકો ફક્ત અંગ્રેજી જ બોલી શકે છે?

(A) 17 (B) 20

(C) 22 (D) માહિતી અપુરતી છે

21. What is the number of people who know more than one language?

(A) 25 (B) 30

(C) 40 (D) data insufficient

એક કરતા વધારે ભાષા જાણતા લોકોની સંખ્યા કેટલી છે?

(A) 25 (B) 30

(C) 40 (D) માહિતી અપુરતી છે

22. The ratio of the number of people who can speak only German to the number of people who can speak only french is _______.

(A) 1:1 (B) 4:5

(C) 5:4 (D) data insufficient

એવા લોકોની સંખ્યા કે જે ફક્ત જર્મન જ બોલી શકે છે અને તેની સામે એવા લોકોની સંખ્યા જે ફક્ત ફ્રેન્ચ જ બોલી શકે છે તેનો ગુણોત્તર _______ છે.

(A) 1:1 (B) 4:5

(C) 5:4 (D) માહિતી અપૂરતી છે

• **Directions for Q. No. 23-25 : Read the following information carefully and answer the questions given below:**

According to Mr. Sharma's will, half of his property goes to his wife and the rest is equally divided between his two sons, Ravi and Raj. Some years later, Ravi dies and leaves half of his property to his widow and rest to his brother Raj. Then Raj dies he leaves half of his property to his widow and remaining to his mother, who is still alive. In the end, the mother owns ₹ 88,000 worth of the property.

• **સૂચના પ્રશ્ન 23-25 : નીચે આપેલ માહિતી કાળજીપૂર્વક વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો:**

શ્રી શર્માના વસિયતનામાં મુજબ તેમની સંપત્તિનો અડધો ભાગ તેની પત્ની પાસે જાય છે અને બાકીની તેના બે પુત્રો રવિ અને રાજ વચ્ચે સમાન રીતે વહેંચાય છે. કેટલાક વર્ષો પછી, રવિ મૃત્યુ પામે છે, અને પોતાની સંપત્તિનો અડધો ભાગ પોતાની વિધવા અને બાકીનો ભાગ પોતાના ભાઈ રાજ માટે છોડી જાય છે. પછી, રાજ મૃત્યુ પામે છે ત્યારે તે પોતાની સંપત્તિનો અડધો ભાગ પોતાની વિધવા અને બાકીનો ભાગ પોતાની માતા માટે છોડી જાય છે, કે જે હજી પણ જીવિત છે. અંતમાં, માતા પાસે ₹ 88,000 ની સંપત્તિની માલિકી છે.

23. According to Mr. Sharma's will, the total worth of his property was _______.

(A) ₹ 1,00,000 (B) ₹ 1,24,000

(C) ₹ 1,28,000 (D) ₹ 1,32,000

શ્રી શર્માના વસિયતનામાં મુજબ, તેમની સંપત્તિની કુલ કિંમત _______ હતી.

(A) ₹ 1,00,000 (B) ₹ 1,24,000

(C) ₹ 1,28,000 (D) ₹ 1,32,000

24. The total amount of property owned by the widows of Ravi and Raj is _______.

(A) ₹ 68000 (B) ₹ 64000

(C) ₹ 48000 (D) ₹ 40000

રવિ અને રાજની વિધવાઓની માલિકીની સંપત્તિની કુલ રકમ _______ છે.

(A) ₹ 68000 (B) ₹ 64000

(C) ₹ 48000 (D) ₹ 40000

25. In five different markets, the price of one orange fruit is ₹ 1, ₹ 1.50, ₹ 1.80, ₹ 2 and ₹ 2.25 respectively. From each of these markets, a man purchases oranges worth ₹ 36. In total he spends ₹ 180. What is the average price of an orange?

(A) ₹ 1.51 (B) ₹ 1.72

(C) ₹ 1.93 (D) ₹ 1.58

પાંચ અલગ અલગ બજારો માં, એક નારંગીના ફળ નું મૂલ્ય અનુક્રમે ₹ 1, ₹ 1.50, ₹ 1.80, ₹ 2 અને ₹ 2.25 છે. આ પ્રત્યેક બજારમાંથી એક વ્યક્તિ ₹ 36 ની નારંગી ખરીદે છે. કુલ તે ₹ 180 ખર્ચે છે. તો એક નારંગીનો સરેરાશ ભાવ કેટલો છે?

(A) ₹ 1.51 (B) ₹ 1.72

(C) ₹ 1.93 (D) ₹ 1.58

26. Cost of a packet of coffee powder and a litre of milk are ₹ 20 and ₹ 30, respectively. 10 cups of coffee is made with one packet of coffee powder and for each cup 200 mL of milk is used. If a cup of coffee is sold at 25% profit, the selling price of each cup of coffee is _______.

(A) ₹ 10
(B) ₹ 12.50
(C) ₹ 6.50
(D) ₹ 8.50

કોફી પાવડર અને એક લિટર દૂધના એક પેકેટની કિંમત અનુક્રમે, ₹ 20 અને ₹ 30 છે. કોફીના એક પેકેટમાંથી 10 કપ કોફી બનાવવામાં આવે છે અને દરેક કપ માટે 200 મિ.લી. દૂધનો ઉપયોગ થાય છે. જો એક કોફી કપ 25% નફા પર વેચાય છે, તો દરેક કોફી કપની વેચાણ કિંમત _______ છે.

(A) ₹ 10
(B) ₹ 12.50
(C) ₹ 6.50
(D) ₹ 8.50

27. A sum of ₹ 11000 was taken as loan. If the rate of interest be 20% compounded annually, then the total amount to be repaid at the end of 2 years is _______.

(A) ₹ 15,840
(B) ₹ 16,640
(C) ₹ 14,550
(D) ₹ 14,840

₹ 11000 ઉધારે લીધા હતા. જો આ રકમ ઉપર વાર્ષિક 20% ચક્રવૃદ્ધિ વ્યાજ લાગતું હોય તો બે વર્ષના અંતે કુલ _______ પરત કરવાની રહેશે.

(A) ₹ 15,840
(B) ₹ 16,640
(C) ₹ 14,550
(D) ₹ 14,840

28. A can complete a work in 20 days and B in 30 days. A worked alone for 4 days and then 'B' completed the remaining work along with C in 18 days. In how many days can C working alone complete the work?

(A) 72
(B) 68
(C) 12
(D) 90

એક કામ 'એ' 20 દિવસમાં અને 'બી' 30 દિવસમાં પૂર્ણ કરી શકે છે. 'એ' એ 4 દિવસ એકલા કામ કર્યું અને પછી 'બી' એ 'સી' સાથે મળીને બાકીનું કામ 18 દિવસમાં પૂર્ણ કર્યું. 'સી' એકલો આ કામ કેટલા દિવસોમાં પૂર્ણ કરી શકે છે?

(A) 72
(B) 68
(C) 12
(D) 90

29. Dinesh and Dhir start walking towards each other at 8:00 am at the speeds of 3 km/h and 4 km/h, respectively. They were initially 17.5 km apart. At what time do they meet?

(A) 11:00 am
(B) 11:30 am
(C) 10:30 pm
(D) 10:30 am

દિનેશ અને ધીર અનુક્રમે 3 કિ.મી./કલાક અને 4 કિ.મી./કલાકની ઝડપે સવારે 8:00: કલાકે એક બીજાની તરફ ચાલવાનું શરૂ કરે છે. તેઓ શરૂઆતમાં 17.5 કિમી દૂર હતા. તેઓ કયા સમયે એકબીજાને મળશે?

(A) સવારે 11:00 વાગ્યે
(B) સવારે 11:30 વાગ્યે
(C) રાત્રે 10:30 વાગ્યે
(D) સવારે 10:30 વાગ્યે

30. An elevator starts with 5 passengers and stops at 8 different floors of the house. Find out the probability of all the 5 passengers alighting at different floors.

(A) 99/512 (B) 101/512

(C) 103/512 (D) 105/512

એક એલિવેટર/લિફ્ટ 5 મુસાફરોથી શરૂ થાય છે અને ઘરના 8 જુદા જુદા માળે અટકે છે. આ તમામ 5 મુસાફરોની અલગ-અલગ માળ પર ઉતરવાની સંભાવના શોધો.

(A) 99/512 (B) 101/512

(C) 103/512 (D) 105/512

31. The area of a circle is increased by 22 sq cm when its radius is increased by 1 cm. Find the original radius of the circle.

(A) 3 cm (B) 3.2 cm

(C) 6 cm (D) 7.5 cm

જ્યારે એક વર્તુળની ત્રિજ્યામાં 1 સે.મી. વધારો કરવામાં આવે ત્યારે તેના ક્ષેત્રફળમાં 22 ચોરસ સે.મી. વધારો થાય છે. વર્તુળની મૂળ ત્રિજ્યા શોધો.

(A) 3 સે.મી. (B) 3.2 સે.મી.

(C) 6 સે.મી. (D) 7.5 સે.મી.

32. Two buses start from the opposite points of a main road, 150 km apart. The first bus runs for 25 km and takes a right turn and then runs for 15 km. It then turns left and runs for another 25 km and takes the direction back to reach the main road. In the meantime, due to the minor breakdown the other bus has run only 35 km along the main road. What would be the distance between the two buses at this time?

(A) 90 km (B) 55 km

(C) 65 km (D) 75 km

બે બસો મુખ્ય માર્ગના, 150 કિ.મી. દૂર સામ-સામા પોઇન્ટથી શરૂ થાય છે. પ્રથમ બસ 25 કિ.મી. માટે દોડે છે અને જમણી તરફ વળે છે અને પછી 15 કિ.મી. માટે દોડે છે. તે પછી તે ડાબી બાજુ વળે છે અને બીજા 25 કિ.મી. સુધી દોડે છે અને પછી મુખ્ય માર્ગ તરફ પાછા પહોંચવા માટેની દિશા પકડે છે. આ દરમિયાન, એક નાની ખરાબીને લીધે બીજી બસ મુખ્ય માર્ગ પર માત્ર 35 કિ.મી. દોડે છે. આ સમયે બે બસો વચ્ચેનું અંતર કેટલું હશે?

(A) 90 કિ.મી. (B) 55 કિ.મી.

(C) 65 કિ.મી. (D) 75 કિ.મી.

33. Five girls are sitting in a row. Kalpita is to the left of Mridula. Megha is to the right of Arpana. Sangeeta is in the middle of Megha and Kalpita. Who among the following is to the extreme right of the row?

(A) Arpana (B) Kalpita

(C) Sangeeta (D) Mridula

પાંચ છોકરીઓ એક હારમાં બેઠી છે. કલ્પિતા મૃદુલાની ડાબી બાજુ છે. મેઘા અર્પણાની જમણી તરફ છે. સંગીતા મેઘા અને કલ્પિતાની મધ્યમાં છે. નીચેનામાંથી કોણ હારના એકદમ જમણા છેડા પર છે?

(A) અર્પણા (B) કલ્પિતા

(C) સંગીતા (D) મૃદુલા

34. B is the husband of P. Q is the only grandson of E. E is the wife of D and mother-in-law of P. How is B related to D?

(A) Son
(B) Son-in-law
(C) Nephew
(D) Grandson

'બી' તે 'પી' નો પતિ છે. 'ક્યૂ' 'ઈ' નો એકમાત્ર પૌત્ર છે. 'ઈ' એ 'ડી' ની પત્ની છે અને 'પી' ની સાસુ છે. 'બી' નો 'ડી' સાથે શું સંબંધ છે?

(A) દીકરો
(B) જમાઈ
(C) ભત્રીજો
(D) પૌત્ર

35. In the following number series, one of the numbers does not fit into the series. Find the wrong number.

1788, 892, 444, 220, 112, 52, 24

(A) 52
(B) 220
(C) 112
(D) 892

નીચેની સંખ્યાઓમાંની એક સંખ્યા શ્રેણીમાં બંધ બેસતી નથી. તે ખોટી સંખ્યા શોધો:

1788, 892, 444, 220, 112, 52, 24

(A) 52
(B) 220
(C) 112
(D) 892

36. A number of friends decided to go on a picnic and planned to spend a total of ₹ 96 on icecreams. Four of them however, did not turn up. As a result, the remaining ones had to contribute ₹ 4 each extra. The number of those who attended the picnic was _______.

(A) 6
(B) 8
(C) 12
(D) 24

કેટલાક મિત્રોએ પિકનિક પર જવાનું અને કુલ ₹ 96 આઈસ્ક્રીમ પર ખર્ચ કરવાનું નક્કી કર્યું. તેમનામાંથી ચાર, કોઈ કારણસર આવ્યા નહીં. પરિણામે, બાકી મિત્રો પૈકી દરેકે ₹ 4 વધારાના આપવા પડ્યા. પિકનિકમાં ભાગ લેનારાઓની સંખ્યા _______ હતી.

(A) 6
(B) 8
(C) 12
(D) 24

37. How many times in a day do the hour and minute hands of a clock overlap each other?

(A) 12
(B) 20
(C) 22
(D) 26

એક દિવસમાં ઘડિયાળના કાંટા કેટલી વખત એકબીજાની ઉપર અતિવ્યાપ્ત થઈ જાય છે?

(A) 12
(B) 20
(C) 22
(D) 26

38. Today is Thursday. The day after 59 days will be ______.

(A) Monday (B) Thursday

(C) Friday (D) Sunday

આજે ગુરુવાર છે. 59 દિવસ પછીનો દિવસ ______ હશે.

(A) સોમવાર (B) ગુરુવાર

(C) શુક્રવાર (D) રવિવાર

39. A is the brother of B, B is the brother of C, C is the husband of D and E is the father of A, then D is related to E as ______.

(A) Daughter (B) Sister in Law

(C) Daughter in law (D) Sister

'એ' તે 'બી' નો ભાઈ છે, 'બી' તે 'સી' નો ભાઈ છે, 'સી' એ 'ડી' નો પતિ છે અને 'ઇ' તે 'એ' નો પિતા છે, તો પછી 'ડી' તે 'ઇ' ની સાથે ______ રીતે સંબંધિત છે.

(A) દીકરી (B) ભાભી/સાળી

(C) પુત્રવધૂ (D) બહેન

40. Five years back, the ratio of ages of A and B was 4:5. If the present age of A is 29 years, then the present age of B is ______.

(A) 31 years (B) 35 years

(C) 33 years (D) 34 years

પાંચ વર્ષ પહેલાં, 'એ' અને 'બી' ની વયનો ગુણોત્તર 4:5 હતો. જો 'એ' ની હાલની ઉંમર 29 વર્ષ છે, તો 'બી' ની હાલની ઉંમર ______ છે.

(A) 31 વર્ષ (B) 35 વર્ષ

(C) 33 વર્ષ (D) 34 વર્ષ

41. Two trains were running in the same direction at the speed of 90 km per hour and 70 km per hour respectively. The faster train passed a man standing in the slower train in 18 seconds. The length of the faster train is ______.

(A) 100 meters (B) 80 meters

(C) 120 meters (D) 150 meters

બે ટ્રેન એક જ દિશામાં અનુક્રમે, 90 કિ.મી. પ્રતિ કલાક અને 70 કિ.મી. પ્રતિ કલાકની કલાકની ઝડપે દોડતી હતી. ઝડપી ટ્રેને ધીમી ટ્રેનમાં ઉભેલા એક વ્યક્તિને 18 સેકંડમાં પસાર કરી. ઝડપી ટ્રેનની લંબાઈ ______ છે.

(A) 100 મીટર (B) 80 મીટર

(C) 120 મીટર (D) 150 મીટર

42. Find the missing term in the given series: BXM, EUP, HRS, ______.

(A) XZY
(B) RPN
(C) VTU
(D) KOV

આપેલ શ્રેણીમાં ખૂટતું પદ શોધો: BXM, EUP, HRS, ______.

(A) XZY
(B) RPN
(C) VTU
(D) KOV

43. Find the missing term in the given series: 13, 21, 48, 112, ______.

(A) 255
(B) 280
(C) 237
(D) 290

આપેલ શ્રેણીમાં ખૂટતું પદ શોધો: 13, 21, 48, 112, ______.

(A) 255
(B) 280
(C) 237
(D) 290

44. By selling an article at 3/4 of selling price, a trader incurred a loss of 10%. When this product is sold at its original selling price, the profit or loss percentage will be ______.

(A) 20% loss
(B) 120% profit
(C) 32.5% loss
(D) 20% profit

એક વસ્તુ તેની વેચાણ કિંમત કરતાં 3/4 ભાવે વેચવાથી, એક વેપારીને 10% નું નુકસાન થયું હતું. જ્યારે તે વસ્તુ મૂળ વેચાણના ભાવે વેચાય છે, ત્યારે તેના નફા અથવા નુકસાનની ટકાવારી ______ રહેશે.

(A) 20% ખોટ
(B) 120% નફો
(C) 32.5% ખોટ
(D) 20% નફો

45. Find the pair that shows the same relationship as 'Capricious : Reliability':

(A) Extemporaneous : Predictable
(B) Unreliable : Inhuman
(C) Tenacious : Practicality
(D) Arbitrary : Whimsical

'તરંગી : વિશ્વસનીયતા' એ પ્રકારનો સંબંધ અનુસરતી જોડી શોધો:

(A) પૂર્વતૈયારી વિના કરેલું : અનુમાનનીય
(B) અવિશ્વસનીય : અમાનુષી
(C) દૃઢતા : વ્યવહારિકતા
(D) મનસ્વી : સનકી

46. The population of a city was 20,000 in the year 1997. It increased at the rate of 5% p.a. Find the total population at the end of the year 2000.

(A) 63000 (B) 23153

(C) 29260 (D) 31715

વર્ષ 1997 માં શહેરની વસ્તી 20,000 હતી. તેમાં 5% પ્રતિ વર્ષ ના દરે વધારો થયો. વર્ષ 2000 ના અંતે કુલ વસ્તી શોધો.

(A) 63000 (B) 23153

(C) 29260 (D) 31715

47. A ladder 5 m long is placed in a room so as to reach a point 4.8 m high on a wall and on turning the ladder over to the opposite side of the wall without moving the base, it reaches a point 1.4 m high. The breadth of the room is _______ metres.

(A) 6.8 (B) 6.4

(C) 6.2 (D) 7.5

5 મીટર લાંબી એક સીડી એક રૂમમાં મુકવામાં આવે છે જેથી દીવાલ પર 4.8 મીટરની ઉંચાઈએ પહોંચી શકાય, અને આ જ સીડીના પાયાને ખસેડ્યા વિના સામેની દિવાલની બાજુ તરફ ફેરવવામાં આવતાં, તે 1.4 મીટર ઉંચાઈએ પહોંચે છે. આ રૂમની પહોળાઈ _______ મીટર છે.

(A) 6.8 (B) 6.4

(C) 6.2 (D) 7.5

48. A pie chart depicts the classification of total funds of an organization according to different sources of income. A particular sector of pie chart for rental income has 108 degree angle at the centre. The percentage of income from rental income to that of non-rental incomes is approximate _______%

(A) 30% (B) 43%

(C) 45% (D) 35%

એક પાઈ ચાર્ટ એક સંસ્થાના વિવિધ આવકોના સ્રોતો અનુસાર સંસ્થાના કુલ ભંડોળના વર્ગીકરણને દર્શાવે છે. ભાડાની આવક આ પાઇ ચાર્ટના કેન્દ્ર સાથે 108° ખૂણો બનાવે છે. ભાડાની આવક તે ભાડા-સિવાયની આવકોની ટકાવારી રૂપે અંદાજિત _______% છે.

(A) 30% (B) 43%

(C) 45% (D) 35%

49. A king ordered to make a crown from 8 kg of gold and 2 kg of silver. The goldsmith took away some amount of gold and replaced it by an equal amount of silver and the crown when made, weighed 10 kg. The king knows that under water gold loses 1/20th of its weight, while silver loses 1/10th. When the crown was weighed under water, it was 9.25 kg. How much gold was stolen by the goldsmith?

(A) 1 kg

(B) 2 kg

(C) 3 kg

(D) 4 kg

એક રાજાએ 8 કિગ્રા સોના અને 2 કિગ્રા ચાંદીમાંથી મુકુટ બનાવવાનો આદેશ આપ્યો. સ્વર્ણકારે સોનાનો થોડો જથ્થો ચોરી લીધો અને તેની જગ્યાએ સમાન વજનની ચાંદી ઉમેરીને તાજ બનાવ્યો ત્યારે તેનું વજન 10 કિગ્રા હતું. રાજા જાણે છે કે પાણીમાં સોનું તેનું 1/20 ભાગ વજન ગુમાવે છે, જ્યારે ચાંદી 1/10 ભાગ વજન ગુમાવે છે. જ્યારે મુકુટનું વજન પાણીમાં કરવામાં આવ્યું, તો તે 9.25 કિગ્રા હતું. સ્વર્ણકારે કેટલું સોનું ચોર્યું હતું?

(A) 1 કિગ્રા

(B) 2 કિગ્રા

(C) 3 કિગ્રા

(D) 4 કિગ્રા

50. The highest four-digit number which is divisible by each of the numbers 7, 9,16,18 is _______.

(A) 8063

(B) 9349

(C) 9072

(D) 9877

ચાર-અંકની સૌથી મોટી સંખ્યા કે જે 7, 9,16,18 પૈકી દરેક અંક સાથે વિભાજીત કરી શકાય, તે _______ છે.

(A) 8063

(B) 9349

(C) 9072

(D) 9877

• • •

# SPACE FOR ROUGH WORK

QUE. BOOKLET NO. 1011949

## SPACE FOR ROUGH WORK